# : કુરઆને કરીમમાં જાનવરોની ઝિક્ર :

કૌલે ખુદાતઆલા મુજબ કુરઆને કરીમમાં તમામ લીલી સૂકી ચીઝોની ઝિક્રે ખૈર આવેલી છે. એમ પણ કુરઆનની આયત છે કે, હમેં કુરઆનમાં ઝિક્ર કરવાને લાયક કોઇ ચીઝને છોડી નથી. અલ્લાહતઆલાએ તમામ ઝિન્દાહ-મુરદા ચીઝો જે પહેલે હતી અને હમણાં મૌજૂદ છે તેને પૈદા કીધી છે અને તે આઇન્દા ઝમાનામાં એવી ચીઝો પૈદા કરવાની કુદરત અને કુવત રાખે છે કે જે વાસ્તે ઇન્સાન સોચી પણ ન શકતો હોય. દહેરી, મુલ્હિદ અને ગૈર મઝહબી લોગોની સંગતમાં અને સોહબતમાં અગર કુરઆનની આયાતે મુબારેકાના બયાનો કરવામાં આવે છે કે તેની મિસાલ આપવામાં આવે છે તો તેઓ તઅસ્સુબ અને ગૈરસમઝની વજહથી તેને હસી નાખતા હોય છે; પણ જે ઝમીન પર તેઓ રહે છે અને જે ઝિન્દાહ જાનવરો અને જીવ-જંતુઓ તેને આસપાસ છે, તેની ઝિક્ર કરવામાં આવે છે તો તેઓ તઅજ્જુબ અને હૈરાનીમાં ગરકાવ થઇ જાય છે. જે જાનવરોની કુરઆને કરીમમાં ઝિક્ર આવેલી છે તે આ મુજબ છે : (૧) બકરહ (ગાય) (૨) ઇજલ (વાછરડું) (૩) હેમાર-હોમોર-હમીર (ગધેડું) (૪) ઝાઅન (ઘેંટું) (૫) નઅજહ (ઘેંટી) (૬) મઅઝ (બકરો) (૭) એબેલ (ઉંટ)-ઉંટ વાસ્તે જમલ, બઇર, નાહક, જમાલહ અને ઇશાર અલ્ફાઝ પણ અલગ અલગ માઅનામાં આવેલા છે (૮) ખૈલ (ઘોડો) અને ઘોડાઓની અલગ અલગ અંદાઝ-સિફતવાલા અલ્ફાઝો જેવા કે સાફેનાત, જિયાદ, આદેયાત, મૂરિયાત, મુગીરાત અને ઝામિર ઇસ્તેઅમાલ થયા છે. (૯) હદય, બુદન, નઅમ અને બહીમતુલ અન્આમ (કુરબાનીના જાનવર વાસ્તે) હમુલત એવું જાનવર કે જે પર બોજો મૂકી શકાય અને સવારી થઇ શકે, ફરશ એવું જાનવર કે જે બોજો અને સવારી કરવાને કાબિલ ન હોય. (૧૦) ગનમ (બકરો) (૧૧) બેગાલ (ખચ્ચર) અને આમ તૌર પર વહેશી-જંગલી જાનવરો વાસ્તે વોહુશ લફઝ આવેલો છે. (૧૨) દાબ્બતુલ અરઝ (ઉધઇ) અને આ મુજબ દવાબ્બ અને દાબ્બા ના અલ્ફાઝ ઘણી જગા પર આવેલા છે. જેની માઅના ઝમીન પર ચાલવા વાલા જાનવરની થાય છે. (૧૩) સોબોઓ (દરિન્દા-ફાડી ખાનાર જાનવર) (૧૪) ખિન્ઝીર (સુવ્વર, ભૂંડ) (૧૫) કિરદહ (વાંદરો) (૧૬) સોઅબાન (અજગર) (૧૭) હય્યતુન-જાન્ન (સાંપ) ના માઅનામાં છે. (૧૮) ઝુબાબ (માખી) (૧૯) અન્કબૂત (માંકડી) (૨૦) કસુદહ (સિંહ) (૨૧) ઝિઅબ (વરૂ) (૨૨) કલ્બ (કૂતરો) (૨૩) બઉઝત (મચ્છર) (૨૪) સલવા (બટૈર) (૨૫) ઝર્રહ (કીડી) (૨૬) નમ્લહ (મંકોડો) (૨૭) ગુરાબ (કાગડો) (૨૮) કુમ્મલ (જૂ) (૨૯) ઝિફાદઅ (દેડકું) (૩૦) હૂત અને નૂન (વેહલ મચ્છી) (૩૧) હુદ હુદ (ઘટ બઢઇ) નબીયુલ્લાહ સુલૈમાન (અ.સ.) નો પૈગામ લઇ જાનારૂં પરિન્દુ (૩૨) જરાદ (તીડનું ટોલું) (૩૩) ફરાશ (ફુદરી, પતંગિયું) (૩૪) નહલ (મધમાખી); ઉંટની સિફતો વાસ્તે બહીરહ, સાએબહ, વસીલહ અને હામનો ઇસ્તેઅમાલ થયો છે; અને શિકારી જાનવરો વાસ્તે સૈદ અને જવારેહ; પરિન્દાઓ વાસ્તે તૈર; અને અબાબીલ પરિન્દાના ઝુંડ વાસ્તે કે જે કાઅબતુલ્લાહની હિફાઝત વાસ્તે અસ્હાબે ફીલને હલાક કરવા આવા હતા. (૩૫) ફીલ (હાથી).

કુરઆને કરીમની ૧૧૪ સુરતોમાંથી ૭ સુરતો જાનવરોનાં નામથી માઅરૂફ છે. (૧) સુરતુલ બકરહ (ગાય) (૨) સુરતુલ અન્આમ (ચારપગા ઢોર) (૩) સુરતુન્નહલ (મધમાખી) (૪) સુરતુન નમલ (કીડી, મંકોડો) (૫) સુરતુલ અન્કબૂત (માંકડી) (૬) સુરતુલ આદિયાત (દોડવાવાલા ઘોડાઓ) (૭) સુરતુલ ફીલ (હાથી) - કુરઆને કરીમમાં આ નામોની સુરત અને અલ્લાહતઆલાએ કીધેલી જાનવરોની ઝિક્ર પર કુફ્ફાર લોગો મઝાક-મસ્ખરી કરતા હતા, યહૂદી-નસ્રાની હસી ઉડાવતા હતા. તેથી સુરએ બકરહમાં ૨૭ મી આયતમાં અલ્લાહતઆલાએ આ લોગોના એઅતેરાઝ અને હસીની હસી ઉડાવી છે અને તેઓને બુધ્ધુ અને એહમક કહ્યા છે જે ઝમીનમાં ફસાદ કરે છે અને જેઓ ખુસ્રાને મુબીન છે. આ આયતે શરીફાની માઅના એ છે કે,

“બેશક, અલ્લાહતઆલા શરમાતો નથી એ વાતથી કે મચ્છર-ચાંચડ જેવા નાના-નાના જાનવરની મિસાલ બયાન કરે. પણ અલ્લાહતઆલા તો મચ્છર કરતા પણ નાના-નાના જીવની મિસાલ બયાન કરે છે. હવે મુમેનીન તો જાણે છે કે તે (આ બયાની) એના રબના તરફથી હક્ક છે, પણ કાફિરો કહે છે કે, શું અલ્લાહ એ એવી મિસાલ બયાન કીધી કે જે ઘણાને ગુમરાહ કરી દે અને ઘણાને હિદાયત આપે ? (અલ્લાહતઆલા ફરમાવે છે કે) એવી મિસાલ બયાન કરીને તો અલ્લાહ ફાસિક લોગોને જ ગુમરાહ કરે છે જે અલ્લાહના અહદ-મીસાકને તોડે છે અને અમ્રે ખુદાને ઉચકવાને ખિલાફ તોડી નાંખે છે અને ઝમીનમાં ફસાદ પૈદા કરે છે. એવા લોગો ખાસેરીન (નુકસાન ઉઠાવનારા) છે.” ★